સી.એફ.આર. નં. ૦૬/૨૦૨૬
(સ્પે.દિ.મુ.નં.૦૩/૨૦૨૫)

**//આંક–૧ હેઠળ હુકમ//**

સદર અરજી વંચાણે લીધી કોર્ટ ઈન્સ્પેક્ટીંગ ઓફીસર આર.એન.બરંડાનાઓએ સ્પે.દિવાની મુકદમા નં.૦૩/૨૦૨૫ ના કામે રેકર્ડ તપાસ્યા બાદ દાવો મોજે વડદલા સીમના રેવન્યુ બ્લોક/સર્વે નં.૧૪૨૧–૨, ખાતા નં.૧૫૫, કુલ ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦–૧૭–૪૪ ખેતીની જમીનનો વેચાણ દસ્તાવેજ રૂા.૮,૪૮,૦૦૦/– નો રદ કરવા માટેનો પ્રયત્ન કરેલ હોય જે કિંમત પ્રમાણેની ગુજરાત ફી એકટની કલમ–૬(૯) મુજબ અડધી કોર્ટ ફી રૂા.૧૦૫૭૫/– ભરવા પાત્ર હોય અને વાદીએ માત્ર રૂા.૧૦૦/– ભરેલ હોય અને રૂા.૧૦૪૭૫/– ભરવાના બાકી હોવા અંગેનો અને પુરતી કોર્ટ ફી વસુલ લેવા માટે હાલની અરજી અરજી કરેલ છે. સદર કામે વાદીને નોટીસ કરતા વાદીના વિ.વ.શ્રી ધ્વારા આંક–૦૫ થી  પુરસીસ આપીને ખુટતી કોર્ટ ફી રૂા.૧૦૩૭૫/– ભરી દીધેલ છે. આમ, દાવાના કામે બાકી રહેતી કોર્ટ ફી હાજર થઈ વાદી ધ્વારા ભરપાઈ કરવામા આવેલ છે. જેથી સદર કોર્ટ રેફરન્સ હાલના કામે આગળ ચલાવવાની રહેતી ન હોય જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧) સદર કોર્ટ ફી રેફરન્સ ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ તારીખ–૦૪, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

બાલાસીનોર.
તા.૦૪–૦૬–૨૦૨૬

(બકુલકુમાર નટવરલાલ દવે)
એડી. સીનીયર સીવીલ જજ,
બાલાસિનોર, જી.મહીસાગર
(Judge Code: GJ 01272)

//સ્ટેનોગ્રાફર–ડી.એન.પંડયા//